ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૨/૩૫૨૦--૫૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/0૬/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓનો રી-ટેસ્ટ લેવા બાબત.
સંદર્ભ :- અત્રેની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓનો શાળાકક્ષાએ રીટેસ્ટ લેવા બાબતે અત્રેની કચેરીને રજૂઆતો મળેલ હતી. જે અન્વયે ઉક્ત બાબતે અત્રેની ફાઈલ પર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં મંજૂરી આપવામાં આવેલ છે. જેથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે વધુ એક તક આપવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓનો રીટેસ્ટ તા.૧૩/૦૬/૨૦૨૨ થી શાળાઓ ખૂલ્યા પછી શાળાકક્ષાએ લેવાનો રહેશે. આ રીટેસ્ટનો કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે. આ અંગેની જરૂરી કાર્યવાહી આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી જાણ કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર./વિ.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી, SSC, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.



Scanned with CamScan

જા.નં. મા.શ/૨૦૨૨/-8031

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત. જિ. સુરત
તા. 4/6/2022

પ્રતિ,
આચાર્યશ્રી.
તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ
સુરત. જિ સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScanner